# શ્રી આત્માનંદ પ્રકાશ



*

સુખ અને આનંદ એવા અત્તર છે કે જેટલા પ્રમાણમાં તમે બીજાઓને આપશો એટલી વધારે સુગંધ તમારા પોતાના અંતરંગમાં પ્રસરશે.

*


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૬ | વૈશાખ | આત્મ સંવત ૯૪ |
| | મે | વીર સંવત ૨૫૧૪ |
| અંક : ૭ | ૧૯૯૯ | વિક્રમ સંવત ૨૦૪૫ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | "નમસ્કાર મહામંત્ર | સંકલન : હીરાલાલ બી. શાહ | ૧૦૧ |
| (૨) | જુઓ કરમના ખેલ | કુમારી જ્યોતિ પ્રતાપરાય શાહ | ૧૦૫ |
| (૩) | પ્રભુ મહાવીરનો જન્મ મહોત્સવ ઉજવાય–હૈયું પ્રેમ થકી છલકાય | સંકલન : પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા | ૧૦૯ |
| (૪) | વિશ્વને પ્રભુ મહાવીરની મહાન ભેટ | શ્રી સંજય એસ. ઠાર | ૧૧૧ |
| (૫) | દિવ્ય સંદેશ પ્રભુ મહાવીરનો | સત્ ચિદાનંદ | ૧૧૩ |
| (૬) | વિશ્વ દૃષ્ટિ | પૂ૦ પં૦ ભદ્રંકરવિજયજી | ૧૧૫ |
| (૭) | સ્નેહ પરિણામ | પૂ૦ પં૦ ભદ્રંકરવિજયજી | ૧૧૬ |


**માન્યવર સભાસદ બંધુઓ અને બહેનો,**

આ સભાનો ૯૩તો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૯ના જેઠ શુદ ૧ ને તા. ૪-૬-૮૯ના રોજ ઉજવવામાં આંવશે. આ પ્રસંગે સવારમાં તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મૂળચંદ નથુભાઇ તરફથી પૂજા ભણાવવામાં આવશે. તેમજ સ્વ વોરા હઠીસંગ ઝવેરભાઇ તથા ભાવનગરવાળા શેઠશ્રી નાનચંદ તારાચંદ તથા શેઠશ્રી ધનવંતરાય રતીલાલ છગનલાલ ( અંબિકા સ્ટીલવાળા ) તથા શેઠશ્રી સલોત ચુનીલાલ રતીલાલ અને તેમના ધર્મપત્ની અ. સૌ. જસુમતીબેન ચુનીલાલ તથા ભુપતરાય નાથાલાલ શાહ (મહાવીર કોર્પોરેશન દરબારગઢવાળા) અને તેમના માતુશ્રી અંજવાળીબેન વચ્છરાજ તરફથી સવારે અને સાંજે ગુરુભક્તિ અને સ્વામીભક્તિ કરવામાં આવશે. તો આપશ્રીને તા. ૪-૮-૮૯ના રોજ સવારના તળાજા પધારવા આમંત્રણ છે તો પધારશોજી.

લી.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## સ્વર્ગવાસ નોંધ

શ્રી રતનશીભાઈ ગુલાબચંદભાઇ શાહ (ઉં. વર્ષ ૮૦) તા. ૧૫-૪-૮૯ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ વૈશાખ-મે-૮૯ * [ અંક : ૭



## "નમસ્કાર–મહામંત્ર"

સંકલન :- શ્રી હીરાલાલ બી. શાહ

**નવકાર મહિમા -:** ચૌદ પૂર્વરૂપ વિશાળ શ્રુતના સાર રૂપ નવકાર મંત્ર છે. નવકારના દરેક અક્ષરોને મંત્રવિદો મહાન મંત્રરૂપ માને છે આઠ સંપદા અને નવ પદમાં, નમસ્કાર પદના પાંત્રીશ અક્ષરો ચુલિકાના ૩૩ અક્ષરો મળી અડસઠે અક્ષરોને સંપૂર્ણપણે દેવાધિષ્ઠિત માનેલા છે જેના સમ્યગ્ આરાધનથી આરાધક અષ્ટ મહા સિધ્ધિ અને નવ મહાનિધિરૂપ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની સંપદા સંપ્રાપ્ત કરે છે. સુદેવ સુગુરુ, અને સદ્ધર્મ રૂપ તત્વત્રયી સાથે જેના પદો સદાકાળ સંકલિત છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ રત્નયત્રયીના પરમ પૂનિત પ્રકાશથી જેના સર્વાંગ અક્ષરો પ્રકાશિત છે. સર્વ તીર્થનું તીર્થ, સર્વ મંત્રનો મંત્ર, સર્વ નિધાનમાં શ્રેષ્ટ નિધાન, એવા મહામંત્ર નવકારનું ત્રિકરણ શુધ્ધિથી ધ્યાન કરવું તે સર્વ શ્રેયપ્રાપ્તિનો શ્રેષ્ટ ઉપાય છે. જે સર્વ મંગલ સમૂહની માંગલિકતાના મહાલય રૂપ અજોડ અને શ્રેષ્ટ ભાવમંગલ છે. જેમ કાળનું સ્વરૂપ અનાદિ અનંત છે. તેમ નવકાર મંત્રનું હોવું અનાદિ અનંત છે.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજ એ પાંચે પરમેષ્ઠી ભગવંતો અનુક્રમે બાર-આઠ-છત્રીશ-પચ્ચીશ અને સત્યાવીશ ગુણોના ધારક છે. જેના સર્વ ગુણો ૧૦૮ થાય છે. એ ૧૦૮ ગુણોના ગુણસમૂહરૂપ નવકાર મંત્રનું સ્મરણ મોક્ષદાયક બને છે.

**પાંચ પરમેષ્ઠીની ઓળખ :-** પરમેષ્ઠી એટલે પરમ-શ્રેષ્ઠ સ્થાને રહેલા, અર્થાત શ્રેષ્ઠ અવસ્થાને પામેલા. એમાં પ્રથમ પરમેષ્ઠી પદે બિરાજમાન પરમાત્મા શ્રી અરિહંત દેવ છે. જૈન દર્શનના મૂળ ઉત્પાદક છે. અર્થાત્ સત્તત્વોના આદ્ય પ્રકાશક અને સદ્ધર્મના સ્થાપક હોવાથી એ પ્રથમ પરમેષ્ઠી છે. શ્રી અરિહંત પરમાત્મા, શ્રી જિનેશ્વરદેવ, તીર્થંકરદેવ, વીતરાગ પરમાત્મા, સર્વજ્ઞ પરમાત્મા અને જિનેન્દ્ર ભગવાન વગેરે નામોથી પણ સંબોધાય છે. અરિહંત શબ્દથી બે ભાવ લેવાના છે. એક પુણ્ય પ્રાપ્ત અષ્ટ મહાપ્રાતિહાર્ય શોભાને યોગ્ય છે તે અને બીજુ રાગદ્વેષાદિ મહાઆંતર શત્રુને હણનારા છે તે અરિહંત. તેઓ છેલ્લેથી ત્રીજા ભવમાં આખા વિશ્વને તારવાની કરુણા ભાવનાના બળ ઉપર અને વીસ સ્થાનકની ઉગ્ર ઉપાસનાના પ્રતાપે તીર્થંકરના બનવાનું પુણ્ય ઉપાર્જન કરે છે. એ પછી તીર્થંકરના ભવમાં ઉત્તમ રાજકુલાદિમાં જન્મ પામતાં જ વિશિષ્ટ અવધિજ્ઞાન, અબીભત્સ ધાતુઓવાળુ અલૌકિક શરીર, અપ્રતિમરૂપ, સુગંધી શ્વાસોશ્વાસ, યાવજજીવ નીરોગિતા



For Private And Personal Use Only

અને [illegible] આહાર નિહાર વિ. વિ [illegible] અતિશયોથી પરિવરેલા છે. દેવાંગનાના સૂતિકર્મ અને ઇન્દ્રો મહારાજાઓના અને દેવોના જન્માભિષેકની પૂજા પામેલા છે. માતાપિતાના બાદશાહી લાડકોડ પામતા ઉછરે છે, છતાં હૃદયથી મહાવિરાગી હોય છે, જન્મતા જ મળતા ઇન્દ્ર મહારાજાઓનાં મનમાં એમને ગર્વ ઉત્કર્ષ હોતો નથી. રાજ્યના અધિપતિ સમ્રાટ રાજા થાય ત્યાં એમને આસક્તિ હોતી નથી. અને સઘળું છોડી શ્રમણ બને ત્યાં એમનામાં કાયા પ્રત્યે સુખશીલતા હોતી નથી. સંયમ પંથે વિચરે છે ત્યારે એક માત્ર કર્મક્ષયનું લક્ષ્ય રાખી, કઠોર વ્રતપાલન, તીવ્ર તપસ્યા, તેજસ્વી ત્યાગ, પ્રબળ પરિસહ પર વિજય, ઘોર ઉપસર્ગનુ સમભાવે વેદન, અને નિરંતર ધારાબદ્ધ ધ્યાન વગેરે આચરે છે. સાધનાને અંતે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘનઘાતી કર્મને આત્મા પરથી દૂર કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત ચારિત્ર (વીતરાગતા) અને અનંતવીર્ય એ ચાર અનંતા પ્રાપ્ત કરે છે.

અહિં પૂર્વે ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય ઉદયમાં આવે છે. તેથી તેઓની સેવામાં આઠ પ્રાતિહાર્ય નિરંતર સેવામાં હાજર રહે છે. તે આ પ્રમાણે છે. રત્નમય સિંહાસન, વીંઝાતા ચામર, છત્ર, ભામંડલ, દુન્દુભિ, દિવ્ય ધ્વનિ, પુષ્પવૃષ્ટિ અને અશોકવૃક્ષ. આ આઠે પ્રતિહાર્યો દેવરચિત હોય છે. પ્રભુની ભક્તિથી અને પ્રભુના પુન્ય પ્રભાવના આકર્ષણે દેવો આ આઠ પ્રતિહાર્યોની અને અન્ય દૈવકૃત અતિશયોની રચના કરી અતિ ઉલ્લસિત ભાવે પ્રભુની સેવા–ભકિતનો અપૂર્વ લાભ મેળવે છે. અરિહંત ભગવંતના ચાર અતિશયરૂપ ચાર ગુણો છે,

**૧. જ્ઞાનાઅતિશય :–** તેનાથી લોકાલોકના અર્થાત્ સમસ્ત ચરાચર પદાર્થોના ભૂત–ભવિષ્ય, વર્તમાનના સર્વ ભાવો જાણે છે.

**૨. વચનાઅતિશય :–** તેનાથી દેવ, મનુષ્ય, તિર્યંચ સર્વેને સમજાય એવી અને એકી સાથે [illegible] તરીકે [illegible] વૈરાગ્ય નીતરતી પાંત્રીસ અતિશયવાળી તત્ત્વ-વાણી પ્રકાશે છે. જે સાંભળતા ન લાગે થાક, ન લાગે ભૂખ, કે ન લાગે તરસ, એટલી બધી અમૃત કરતા ય અધિકી મીઠી હોય છે.

**૩. પૂજા અતિશય :–** તેનાથી નરેન્દ્રો–દેવેન્દ્રોથી પૂજાય છે. દેશના ભૂમી માટે સમવસરણ દેવો રચે છે. જેમાં રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢ ઉપર દેવ મનુષ્યોની બાર પર્ષદાની વચમાં તીર્થંકર પરમાત્મા દેશના આપે છે.

**૪. અપાયાપગમાતિશય :–** તેનાથી શ્રી અરિહંત પરમાત્માની આસપાસના સવાસો યોજન જેટલા ક્ષેત્રમાંથી જનતાના મારી, મરકી જેવા ઉપદ્રવોરૂપી અપાયો દૂર થઇ જાય છે. તેમજ પોતાના રાગદ્વેષાદિ અપાયો પણ દૂર થયેલા છે. આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળી અરિહંત પરમાત્માના બાર ગુણો છે.

**શ્રી સિદ્ધ ભગવાન :–** તેઓ આઠે પ્રકારના કર્મના મળથી રહિત બન્યા હોવાથી અત્યંત નિર્મળ આઠ ગુણવાળા બનેલ છે. ચાર ઘાતીકર્મના નાશથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીતરાગતા અને અનંતવીર્યવાળા ચાર ગુણો છે.

બાકીના ચાર અઘાતી પૈકી વેદનીય કર્મના નાશથી અનંત અવ્યાબાધ સુખ, આયુઃ કર્મના નાશથી અક્ષય, અજર–અમર સ્થિતિ, નામકર્મના નાશથી અરૂપિપણું અને ગોત્ર કર્મના નાશથી અગુરુલઘુતા પ્રાપ્ત થાય છે. આ આઠ ગુણો એ આત્માના સહજ ગુણો છે. તે નવા ઉપજતા નથી પણ કર્મ દ્વારા અવરાયેલાં હતાં, દબાયેલાં હતાં. તે કર્મ આવરણો દૂર થતા સ્વસ્વરૂપે ઝળકી ઊઠે છે, પ્રગટ થાય છે. એ રીતે સિદ્ધ ભગવંતો નિરંજન–નિરાકાર છે, સર્વજ્ઞ–સર્વદર્શી છે. શુદ્ધ જ્ઞાતા દ્રષ્ટા છે, શાશ્વત જ્યોતિ છે, સ્વતંત્ર છે. સ્વરમણમાં મગ્ન છે. જ્ઞાનથી સર્વવ્યાપી છે, અનંત સુખભોકતા છે. સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગના નાશથી, સર્વ

પદાર્થોના સંબંધથી અને સર્વ ઈચ્છાની પૂર્તિથી જે સુખ થાય તેના કરતા અનંત ગુણ સુખ સિદ્ધ ભગવંતોનું છે.

**શ્રી આચાર્ય ભગવંત :–** ત્રીજું પરમેષ્ઠીપદ આચાર્ય ભગવંતથી અલંકૃત છે. શ્રી અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં શ્રી જિનશાસનનું સુકાન સંભાળી શકે તેવા ગુણો અને એવું સામર્થ્ય તેઓ ધરાવે છે. શ્રી જિન પ્રવચનની પ્રભાવકતા, સ્વ–પર શાસ્ત્ર કુશલતા, સુયોગ્ય શિષ્ય સમૂહનું નેતૃત્વ, અપ્રમત્તતા વિગેરે અનેક વિશેષતાઓને ધરનારા છે. અનંત કાળથી ભવાટવીમાં ભમતા રખડતા જીવોને આચાર્ય ભગવાન માનવ જીવના મૂલ્ય અને કર્તવ્ય પંથ સૂઝાડી ઉન્નતિના માર્ગે ચઢાવે છે.

સંકુચિતમતિ, ભૌતિક દૃષ્ટિ, વાસના અને વિકાર ઈર્ષ્યા અને કલેશ, ગર્વ અને સ્વાર્થ, મમતા અને માયા, ભય અને હાયવોય વગેરે અનેક દર્દોને શાંત કરી આચાર્ય ભગવાન જીવોને સુંદર સમાધિનું આરોગ્ય આપે છે. આચાર્ય ભગવાનના ૩૬ ગુણો છે. તેઓ ૫ ઇન્દ્રિયોના નિગ્રાહક છે. ૯ વિધબ્રહ્મચર્યધારક છે. ૪ પ્રકારના કષાયથી મુક્ત છે. ૫ મહાવ્રતધારક છે. ૫ પંચાચારને પાળનાર છે. ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું પાલન કરનારા છે.

**શ્રી ઉપાધ્યાય ભગવંત :–** ઉપાધ્યાય ભગવંત સાધુ મહારાજાઓને સૂત્ર સિદ્ધાન્તોના પાઠક હોય છે. તેઓના પચીસ ગુણ છે. ૧૧ અંગનામના આગમ, ૧૨ ઉપાંગ, ૧ ચરણ સિત્તરી, ૧ કરણ સિત્તરીના વાચક છે. એથી ૨૫ ગુણોને ધરનારા કહેવાય છે. વર્તમાન યુગમાં અંગ, ઉપાંગ, પયન્ના, છેદસૂત્ર, મૂળસૂત્ર વગેરે સૂત્રોને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા સાથે ભણાવે છે એ રીતે શ્રુત પ્રવાહને વહેતો રાખનાર શ્રી જિન પ્રવચનના સ્તંભ છે. તેઓશ્રી શાંત, સમતા અને ઉત્સાહથી શિષ્યોને તૈયાર કરતા હોય શ્રી સંઘના મહાન ઉપકારક છે.

**શ્રી સાધુ ભગવંત :–** ગૃહસ્થપણાનો ત્યાગ કરી લોક સંજ્ઞા મૂકી સર્વ પાપ વ્યાપારોને પ્રતિજ્ઞા પૂર્વક છોડીને અલૌકિક સાધુતાને અંગીકાર કરનારા હોય છે.

પાંચ મહાવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી એ સૂક્ષ્મ જીવની પણ હિંસા મનથી પણ જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી, અને કરનારને સારો માનતા નથી. એવી રીતે સૂક્ષ્મ જૂઠ, ચોરી, વિષય સેવન અને પરિગ્રહ ધારણના નવ કોટિએ ત્યાગી હોય છે. નવકોટિ ત્યાગ એટલે મન, વચન, અને કાયાએ ન કરવું, ન કરાવવું અને ન અનુમોદન આપવું. જીવન આખુંય શાસ્ત્રાધ્યયન, ચિંતન–અધ્યાપન, ધ્યાન, ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિય નિગ્રહ, મનશુદ્ધિ. ક્ષુધાતૃષામાન તપમનાદિ પરીસહન વગેરેમાં પસાર કરે છે. તેઓશ્રીના ૨૭ ગુણો છે.

| | |
|---|---|
| ૫ પાંચમહાવ્રતધારક, | ૧ રાત્રિભોજન ત્યાગ. |
| ૬ કાય જીવરક્ષક | ૫ પાંચ ઇન્દ્રિયનિગ્રહ |
| ૧ લોભનિગ્રહ | ૧ ક્ષમા ગુણધારક |
| ૧ નિર્મળચિત્ત | ૧ પડિલેહણ વિશુદ્ધિ |
| ૧ સંયમ યોગપ્રવૃત | ૩ ત્રણ, અકુશયોગના |

રોધક, ૧ પરિષહ સહન કરનાર, ૧ મરણાંત ઉપસર્ગ સહન કરનાર. સત્યાવીશ ગુણોને ઉજમાળ રીતે ધારણ કરીને સાધુ ભગવંતો ચારિત્ર ધર્મનું પાલન કરે છે. સાધુ ભગવંતોને દશપ્રકારે યતિધર્મ પાળવાનો છે. તે આ :– ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લોભિતા, તપ, સંયમ, સત્ય, શૌચ (મનની પવિત્રતા), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, શ્રી નમસ્કાર મહામંત્ર એ નવપદોનું બનેલું મહામંગલસૂત્ર છે. એના પ્રારંભનાં પાંચ પદોમાં પાંચે પરમેષ્ઠીને નમસ્કાર કરેલ છે. પછીના બે પદોથી આ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે. અને છેવટના બે પદોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ મંગળ કરીને તેનો મહીમા ગાવામાં આવ્યો છે.

નમસ્કાર મહામંત્ર આપણને ઘણી વાતો શીખવી જાય છે. આ પંચપરમેષ્ઠી નમસ્કારમાં કોઈનો પણ વ્યક્તિગત ઉલ્લેખ નથી, પરંતુ તે તે ગુણીનો નિર્દેષ છે. શ્રી જિનશાસનની આ સર્વમાન્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષ્પક્ષપાત પ્રરૂપણા છે. જગતમાં સાચા પૂજ્ય, સાચા ધ્યેય, અને સાચા શરણ્ય કોણ હોય શકે એનો સાચો નિર્દેશ છે.

પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી આત્મામાં પ્રશસ્ત કોટિના શુભ અધ્યવસાય પ્રગટે છે, એથી મહાન અંતરાયો તુટે છે અને કર્મના બંધનો કપાય છે. તેનાથી આત્મા અને મન પવિત્ર બને છે અન્ય મંત્રોથી થતી ઇષ્ટ સિદ્ધિ કરતાં ઘણી ઉંચી ઇષ્ટ સિદ્ધિ આ મહામંત્રથી થાય છે. મોક્ષનું અનંત સુખ આ મહામંત્ર અપાવે છે. જીવનના અંત કાલે પણ આ મહામંત્રનું આલંબન કરવાથી જીવનભરનો પણ પાપી આત્મા એકવાર સદ્ગતિ પામે છે. કષ્ટમય કે દીર્ઘ સાધના કર્યા વિના પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી સામાન્ય મનુષ્યને પણ મહાન કાર્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, વિદ્યા મંત્રના પારંગત મહાપુરૂષો પણ અંતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે,

નમસ્કાર મહામંત્ર એ અખિલ શ્રુતનો સાર છે. એના ધ્યાનમાં મહાજ્ઞાની મહર્ષિઓ પણ જીવનનો અંતિમ કાલ વીતાવે છે. એમાં કલ્યાણ સ્વરૂપ અનંત અર્થો ભર્યા છે. એ સુખ અને દુઃખની સર્વ સ્થિતિમાં સ્મરણીય છેઃ સર્વ શ્રેષ્ઠ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનો દર્શક છે. આપણે બધાએ નમસ્કાર મહામંત્રને આપણા જીવનમાં ઓતપ્રોત કરવાનો છે. એજ શુભ ભાવના.

# મુંબઈ જતા દરદીઓને

કેન્સર અને બીજા રોગોના ઉપચાર માટે મુંબઇ જનાર રોગીઓ અને તેમનાં સગાં-સંબંધીઓને માટે રહેવા-જમવાનો પ્રશ્ન મૂંઝવતો હોય છે. સગાં-સંબંધીઓનાં મુંબઈમાં ઘર નાનાં ને બધાં વ્યવસાયી હોય તો તેમને ત્યાંયે લાંબા ગાળા માટે રહેવાનું ન ફાવે.

મુંબઇમાં ગાડગે મહારાજ ધર્મશાળા ટ્રસ્ટ અને શ્રીમતી દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી નાત-જાત-ધર્મના ભેદભાવ વગર દાકતરી સારવાર અર્થે મુંબઈ જતા ગરીબ, પછાત અને મધ્યમ વર્ગના દર્દીઓ તેમજ તેમનાં સગાં-સંબંધીઓ માટે ધર્મશાળાની મુંબઈના હાર્દસમા દાદર વિસ્તારમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

૮૫૦ પથારીની સગવડવાળી આ ધર્મશાળામાં ગાદલાં-ગોદડાં-ભોજન સહિતની તમામ વ્યવસ્થા છે. રહેવા માટે રોજના રૂા. ૨/- અને ભોજન માટે રોજના ફક્ત રૂા. ૨/- (બે) વ્યક્તિ દીઠ લેવામાં આવે છે. તદ્દન ગરીબોને તેય માફ કરવામાં આવે છે. ધર્મશાળાનું નામ-ઠામ નીચે પ્રમાણે છે.

**શ્રીમતી કમલા મહેતા કોન્વેલેસન્ટ હોમ, ૧/૭૩, દાદર ક્રોસ લેન, રણજીત સ્ટુડીયો પાસે, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઇ-૪૦૦૦૧૪ ફોન નં. ૪૪૮૪૯૬ તથા ૪૧૧૧૪૯૬**

૧૬-૪-૮૯ 'ભૂમિપુત્ર'માંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જુઓ કરમનાં ખેલ!

કુમારી જ્યોતિ પ્રતાપરાય શાહ

"જીવનમાં સુખદુઃખ કર્મને જ આધીન છે," જૈન ધર્મનાં આ પાયાનાં સિદ્ધાંતને સમર્થન આપતી આ કથા છે 'કામલત્તાની!'

પૃથ્વીનાં પનોતા પટ પર 'શિવપુર' નામનું નગર શોભતું હતું. આ નગરમાં એક બ્રાહ્મણ રહે. તેનું નામ 'માધવ'. પૂર્વભવના પુણ્યકાર્યોથી તેનાં ઘરઆંગણે ગુલાબની પાંખડી જેવી સુકોમળ, મયુરનૃત્ય જેવી નયનરમ્ય, માનસરોવરની હંસલી જેવી પ્રિય અને આકાશની પરી જેવી સુંદર સુંદરી 'કામલત્તા' કિલ્લોલ કરતી હતી. નારી કામણગારી હતી, તો નર હતો કામદેવનો સદેહે અવતાર! પ્રકૃતિ અને પુરૂષની જાણે જુગતે જોડી મળી હતી. આ દંપતિની સંસારવેલ પર એક સુંદર પુષ્પ ખિલખિલાટ હસતું હતું. આ ફૂલ એટલે નાનકડો 'કેશવ!'

'શિવપુરની' સોનેરી ધરતી પર ઉષારાણીએ તેજનાં પુંજો બિછાવ્યા અને પેલી 'આર્યનારીએ' આંખો ખોલી પોતાનાં લાડલાને અંતરનાં અમીરસ પાઇ, ગાલ પર ચૂમીઓ ભરતાં તેણે મમતાનું ઝરણું વાણી દ્વારા વરસાવી કહ્યું, "સૂઇ જા, બેટા, હું હમણાં જ પાણી ભરીને આવીશ હો....!"

હાથમાં બેડું લઇ તે પાણી ભરવા ચાલી અને તરત જ 'ઘૂવડ' બોલ્યું, જાણે અમંગળની છડી પોકારતું ન હોય....! અનેક અરમાનો સાથે નીકળેલી આ નારીને ક્યાથી ખબર હોય કે જે બાળક તેના હાલરડાનો હલકાર સાંભળવા તલસી રહ્યું છે, તે વ્હાલા પુત્ર અને પ્યારા પતિ સાથે તેને વરસોનો વિજોગ થવાનો છે? વિધિની વક્રતાની તેને ખબર ન્હોતી અને તેથી જ પ્રકૃતિનાં પાલવ સમી ધરતી પર તેનાં પગલાં ભલે સરોવર તરફ આગળ વધતાં હતાં, પરંતુ તેનું હૈયું તો તેનાથીય વધુ ઝડપે તેના ઘેર પહોંચી ચૂક્યું હતું. અરે, મારો લાલ રડતો હશે તો...? બાળકને મળવા માટે 'માતાનું' હૈયું અધીરું બન્યું!

મનમાં તો ઉમ્મીદોની મહેલાતો ચણાતી હતી. પરંતુ ત્યાં જ અચાનક એક સાથે ફૂટેલી અનેક બંદુકોના ધડાકાએ તેને સજાગ બનાવી દીધી. દુશ્મન રાજાના સૈનિકોએ ચારે બાજુથી ગામને ઘેરી લીધું હતું. દુશ્મનોનાં ડરથી નાસતા માનવીઓની સાથે તે પણ ઘર તરફ જલ્દીથી દોડવાં ગઇ, પરંતુ કાશ! ઘરના આંગણાને અને આ અભાગી નારીને તો ઘણું છેટું પડી ગયું. મનમાં સર્જેલી કલ્પનાની સૃષ્ટિ માટીમાં મળી ગઇ. કાળ અને કિસ્મતની કરવટે એક કરુણ કહાની સર્જી. પોતાના જ ગામનાં પાદરમાં દુશ્મન રાજાના સૈનિકોએ તેને લૂંટી અને પોતાનાં રાજાને સોંપી દીધી.

રૂપાળી પનીહારી તો રાજાને જોતાં વેત જ ગમી ગઈ. સત્તા, શરાબ, સૌન્દર્ય અને સુંદરીનાં નશામાં ચકચૂર બનેલાં રાજાએ તો તરત જ તેને માનીતી પટરાણી બનાવી દીધી!

રાજાઓનાં દુશ્મનાવટનો ભોગ બની, બિચારી નિર્દોષ કામલત્તા. ઇશ્વરે આપેલું સૌન્દર્યનું વરદાન તેને માટે શાપ બની ગયું. ખરેખર કર્મની લીલા અકળ છે. કર્મરાજાના ઇશારે માનવીએ કઠપૂતળીની જેમ સંસારના રંગમંચ પર નાચવું પડે છે!

માનીતી રાણીને ખુશ રાખવા માટે રાજાએ તો રાજમહેલમાં જાણે સ્વર્ગ ઉભું કર્યું. વિવિધ વાનગીઓ માણી, કિંમતી વસ્ત્ર-અલંકારો ધારણ કરી જ્યારે તે સોનાના હીંડોળે હીંચકી, ત્યારે તેના ઝાંઝરના ઝંણકારે અને કંકણના રણકારે વિલાસી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા મુગ્ધ બની જતો, પરંતુ સોનાનાં પીંજર કરતાં પંખીને મન જેમ આકાશનું મુક્ત વાતાવરણ વધારે પ્રિય છે. તેમજ પંદર-પંદર વરસનો વિજોગ હોવા છતાંય સંજોગોનો શિકાર બનેલી નારીને પ્રીતનાં ગીતથી ગુંજતુ પોતાનું નાનકડું 'પ્રેમસદન' રોજ યાદ આવે છે. આ લાગણીશીલ નારીને ખાત્રી છે કે એક દિવસ તેને તેનો પ્રિયતમ જરુર મળશે.

સલુણી સંધ્યાએ મહેલની અટારી પર ગુલાબી ચાદર બિછાવી છે. મહારાણીબા મહેલના ઝરુખે બેઠા છે. મંદ-મંદ સમીરમાં તેની લાલ-લીલી ઓઢણી ઉડી રહી છે. આંબાડાળે પેલી કોયલડી કુંજન કરે છે. જાણે પ્રિયજનના મિલનની બંસરી બજવતી ન હોય! બસ, આવાં રંગીન સમયે રાજમાર્ગ પરથી એક યોગી જેવો માનવી, પોતાનું કંઈક ખોવાયું હોય તેવી લાગણી સાથે પસાર થઈ રહ્યો છે. જોગાનુજોગ બરાબર આ જ સમયે રાણીની દૃષ્ટિ તેના પર પડતાં બન્નેની આંખો ત્યાં જ સ્થિર થઈ જાય છે. વિજોગની મૂક વેદના જાણે નયનો દ્વારા વ્યક્ત થાય છે. પતિ 'માધવને' જોઈને તેનાં નેત્રે હર્ષના આંસુ આવે છે. રાત-દિવસ તેના મન મંદિરમાં વિરહના ગીત ગાતું પેલું પ્રિતનું પંખી તેને પડકારે છે કે રે પગલી! જેનાં વગર અષાઢના વરસતાં મેહુલાએ તું વ્યાકુળ બની છે. દીવાળીના ઝલતાં દીવડાં પણ તેને નિસ્તેજ લાગ્યા છે અરે! જેને પાછો મેળવવા તે રાત-દિવસ વલખા માર્યા છે. તો પછી આ મિલનના ટાણે તું જડની જેમ બેઠી છે શું? જા દોડ, તારા મન-વલ્લભને મળી લે! પણ રે! તેનાં પગમાં પડેલી મહારાણી પદની બેડીઓ દોડવાં અધીરા બનેલાં પગને મજબૂરીથી અટકાવી રહી છે. દાસી દ્વારા તે બ્રાહ્મણને બોલાવી તેનું દારિદ્રય દૂર કરવા માટે અઢળક દ્રવ્ય આપે છે. દાસીઓને બીજા કામે બ્હાર મોકલી પોતે ચૌદશની રાતે મહાકાળી મંદિરમાં સ્વામીને મળવાનું વચન આપી જલ્દી વિદાય આપે છે. કારણ કે રાજમહેલમાં તો ભીંતને પણ કાન હોય છે!

પોતાનું ધ્યેયસિદ્ધ કરવા માટે, વિલાસી રાજાની કામવાસના ઉત્કટ બનાવવાં મહારાણીએ સોળે શણગાર સજ્યા છે. આજે પહેલીવાર રંગ-મહેલમાં તે રાજાની રાહ જુએ છે. તેની મીઠી મીઠી વાતો દ્વારા રાજાની આંખો તો ઘડીકમાં જ ઘેરાય જાય છે. પરંતુ હૈયામાં કપટ ભર્યું હોવાથી તેને નિંદ્રા આવતી નથી. અંતે રાજાને ભર-નિંદરમાં જોઇ તેણે ભયંકર ચીસ પાડી. પ્યારી રાણીના અવાજે રાજા તરત જ જાગી ગયો, અને રાણી વધારે જોરથી રડવા લાગી, "ઓયમાં! શું પેટમાં દુઃખે છે? અરે રે, મહારાજ! એક દિવસ મેં મહાકાળીના મંદિરે નોકર-ચાકર વગર આપણે બન્નેએ સાથે દર્શન કરવાનું વ્રત લીધેલું, પરંતુ હું બાધા જ વીસરી ગઇ અને તેથી જ પેટની પીડાના રૂપમાં કાળીનો કોપ મારા પર ઉતર્યો છે." "હવે તો જો આપ ચૌદશની રાતે મહાકાળીના દર્શને પધારો, તો જ મારી પીડા મટે તેમ છે. આટલી વાત કરતાં તો રાણીએ પેટ પકડીને 'આક્રન્દ' કરવાં માંડયું." સ્ત્રીચરિત્રે તો મેરૂ-પર્વત જેવા ઋષિમુનિઓના દિલ પણ ડોલાવી દીધાં છે, તો પછી આ રાજા તે વળી શી વિસાતમાં? રાજા તો તરત જ માનતાએ જવાં માટે સંમત થઈ ગયો, કે તરત જ અભિનયમાં અજોડ રાણીએ એકાએક ઉભા થઈને, આળસ મરડતાં મરડતાં કહ્યુ, "હાશ! હવે મને ચૂંક મટી!" પછી ઉભા થઈ રાજાના ચરણ સ્પર્શ કરતાં તે મીઠાશથી બોલી "મહારાજ! "તમારી ધર્મ શ્રદ્ધાએ જ આજે મને બચાવી છે." રૂપ જોબન અને મધુર વાણી દ્વારા રાજાને મૂરખ બનાવવામાં તે સફળ બની.!

વાદળની વૃષ્ટિ ઝીલવાં તત્પર બનેલાં ચાતક પંખીની જેમ તે હવે ચૌદશની રાત પણ આવી પહોંચી. માનતા કરવાં જતાં મહારાણીબાના હાથમાં દાસીઓ સોનાના ચૂડાની આજુબાજુ કાચની ચૂડલી પહેરાવતી હતી. પરંતુ પોતાના ભૂતકાળમાં ખોવાએલી રાણીનાં હાથમાંથી ચૂડલીઓ નીચે પડી અને ફૂટી ગઇ! સ્ત્રીનાં સૌભાગ્યના પ્રતિક સમી લાલ ચૂડલીને ફૂટેલી જોઇ તેનાં દિલને આ સમયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠેસ લાગી.

રાજા–રાણી બન્ને એકલા દાસ–દાસી વગર પગે ચાલીને મંદિરે ઉપડયા. રાજા આગળ અને રાણી પાછળ ચાલતાં હતાં. રાણીને માટે તો આનંદથી ઝૂમી ઉઠવાનું મન થાય એવો આ અવસર હતો. પરંતુ છતાંય રાજા સાથે વિશ્વાસઘાત કરવાનો હોવાથી તેને ખૂબ જ ડર લાગતો હતો. રાજાને તો રાણી ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો તેથી તેણે દર્શન કરવાં જતાં પહેલાં પોતાની તલવાર રાણીનાં હાથમાં સોંપી. રાજા મંદિરમાં પેસવાં જતો હતો ત્યાંજ કપટી રાણીએ સમય પાકી ગયો છે, તેમ સમજી રાજાની તલવારથી તેનું મસ્તક ત્યાંને ત્યાં ઉડાવી દીધું! જેનાં એક અવજે દાસદાસીઓ, પ્રધાનમંડળ અને પ્રજા થરથરી ઉઠતી તેવાં સત્તાધારી રાજાના છેલ્લા ડચકા સાંભળનાર પણ કોઈ ન રહ્યું. શું સત્તાનો અસ-બાબ પુણ્યની ડીપોઝીટ ખાલી થતાં ક્ષણવારમાં જ ભાંગીને ભુક્કો થઇ જતો હશે? કે પછી સ્ત્રીના સૌન્દર્ય સાથે સ્વૈરવિહાર કરનાર સ્વચ્છંદી રાજાને સર્જનહારે, કરો તેવું પામો અને વાવો તેવું લણો, તે સત્ય શમજાવવાનો જડબેસલાક પ્રયત્ન કર્યો હશે 'સંસારને સર્જનાર નારીના સળગી ઉઠેલી સ્વમાન અને સ્ત્રીત્વથી તેના હાથે ન કરવા જેવું કૃત્ય થઈ ગયું!'

રાજાને મારીને મંદિરના ખૂણામાં સૂતેલાં પોતાનાં પતિને તે ઢંઢોળવા લાગી, પરંતુ/પતિ હોય તો જાગેને! કાળો ભયંકર સાપ કરડવાથી માધવ તો કયારનો યે મરી ચૂકયો હતો! ખરેખર કોઇનું જીવન છીનવીને કયારેય સુખ મળતું નથી. બાવળ વાવીને કાંઇ ગુલાબ થોડાં ઉગે છે? હાથનાં કર્યા હૈયા ઉપર વાગ્યા હતા. પરંતુ હવે વિચારવાનો અવકાશ ન હતો! હવે ભયનીતો તલવાર તેના માથે લટકી રહી હતી. તેથી જ બન્ને પતિઓનાં કાળનું નિમિત બનનાર આ 'વિધવા' નારી કાળી ભેંકાર રાતે જીવ બચાવવા વનમાં નાસી છૂટી. ખરેખર કરમને કોઇનીય શરમ નડતી નથી. તે નિરાધાર નારીને વનમાંથી કોઈ માર્ગ મળે તે પહેલાં જ તેને ચોરોએ લુંટી લીધી અને વેચી દીધી. એક પ્રખ્યાત ગુણિકાના ઘરે! નસીબની બલિહારી તો જુઓ; ઘડી પહેલાની રાજરાણીને એક વેશ્યા બનવાનો વખત આવ્યો.

આ બાજુ પુત્રને પારણે પોઢાડી પાણી ભરવા નીકળેલી 'કામલત્તાનો' પુત્ર 'કેશવ' શૈશવકાળ વટાવી યુવાન બની ગયો. માતા–પિતાના સૌન્દર્ય વારસાથી તેનું યૌવન શોભી ઉઠયું. પિતા 'માધવને' શોધતો શોધતો 'કેશવ' એક દિવસ જયાં કામલતા રહેતી હતી. તે જ ગણિકાનાં ઘરે આવી પહોંચ્યો! ઇશ્વરની ઉત્તમ કલાકૃતિસમા આગંતુક યુવાનનું ગુલાબી યૌવન અને ધન દેખી, હર્ષઘેલી બનેલી ગણિકાએ આ રાજકુમાર જેવો યુવક કામલત્તાને જ સોંપ્યો! "કરમના ખેલ તો જુઓ" પાપાનુબંધી પાપોનાં ઉદયે સગા મા–દિકરાને કાળજુ ફાટી પડે તેવા સ્થળે કેવા હીન સંબંધો દ્વારા મેળાપ કરાવ્યો લોહીનાં સંબંધ પર તો સમયના પડળ ચડી ગયાં હતાં, તેથી જ જનમ દેનાર મા પણ પોતાનાં સંતાનને ન ઓળખી શકી! ભોગવિલાસમાં કેટલો સમય પસાર થયો, તેનો ખ્યાલ ન રહ્યો!

વસંતઋતુની રંગીલી રાત જામી છે. રસ ભરી વાતો કરતાં-કરતાં કામલત્તા અનાયાસે જ યુવકની મશ્કરી કરતાં પૂછી બેસે છે કે અરે, તમે તો કેવા માણસ છો? આટલા મહિનાઓ થયાં છતાંય, મને તમારા જીવનનો સાચો પરિચય પણ મને કરાવ્યો નથી, આવું કંઈ હોઈ! આ સવાલ સાંભળીને તેણે તો તરત જ પોતાની કથની અથથી ઇતી સુધી ગણિકાને કહી સંભળાવી! કહાની સાંભળતા જ વાસ્ત-વિકતા અટ્ટહાસ્ય કરતી તેની નજર સમક્ષ ખડી થઇ ગઈ! પોતાના જ દીકરા સાથે ખેલેલા વાસનાના ખેલની યાદ આવતા તેણે મુંગે મોઢે જ પોતાના જીવન પર ફિટકાર વરસાવ્યો! પોતાનાં ગુલાબની કળી જેવા દીકરાને આ નર્કમાંથી બચા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વવા માટે ધર્મસંકટની આ પળોની લાગણીઓ પર નિયંત્રણ રાખી એક માતાએ ભવ્ય બલિદાન આપ્યું! આંખો કોરી ધાકોર રાખી, હોઠો પર સંયમની અદબ જાળવી, કાળજા પર પથ્થર રાખી, કોઇ અજનબીની જેમ, તેણે પોતાની કથની તેનાથી ગુપ્ત રાખી, તેની બધી જ વાત સાંભળી લીધી. શિશુના શુભ જીવન માટે અજોડ સમર્પણ કરતી માતાએ એક સ્વજનની જેમ તેને સમજાવી ધંધાર્થે પરદેશ મોકલી દીધો!

પુત્રને વળાવી ગણિકા પાસે આવી તેણે કહ્યુ. અરે રે! મારા અને તારા બન્નેનાં જીવનને ધિક્કાર છે. આવું નીચ કક્ષાનું જીવન જીવવાં કરતાં હવે મને મરણ વધારે પ્રિય લાગે છે. પોતાના આવાં મહાન પાપોની શુદ્ધિ માટે, તેણે સરિતા-કાંઠે ચિત્તા સળગાવી હસતાં મુખે અગ્નિમાં પ્રવેશ કર્યો, પણ હાય રે, નસીબ! નદીમાં એકાએક પૂર આવ્યા. ચિત્તા ઠરી ગઈ, અને તેનો દેહ પાણીના પ્રવાહમાં તણાતો તણાતો સામે કાંઠે આવ્યો! નદી કાંઠે બેભાન પડેલી આ નારીને, એક દયાળુ આહીરે પોતાનાં ઘરે લઈ જઈ ભરવાડણ બનાવી દીધી!

પ્રભાતના પહોર છે. રૂમ-ઝૂમ કરતી આ મહીયારી દહીં-દૂધ વેચવાં નીકળી છે. ત્યાંજ અચાનક એક ગાંડાતુર બનેલાં હાથીને જોઇ તે રસ્તે જતી એક પનીહારીની સાથે દોડવા જાય છે. પરંતુ ત્યાં જ પાણીયારીનું બેડુ અને મહીયારીની મટકીઓ નીચે પડતાં જ ફુટી જાય છે. બેડુ ફુટ-વાથી પાણીયારીતો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી, પરંતુ દહીં-દૂધ ઢોળાવા છતાય ભરવાડણ તો ખડખડાટ હસી પડી. નુકશાન થવાં છતાંય આ મહીયારીને હસતી જોઈ એક રસ્તે ચાલ્યો જતો યુવાન તેને હસવાનું કારણ પુછે છે. આ સણસણતાં સવાલ પુછનારની સામે તે નજર માંડે છે, કે તરત જ પોતાના પુત્રને તે ઓળખી જાય છે. મંદિરના ઓટલા પર કેશવને બેસાડી પોતાની કથની કહી તેને પુછે છે, વીરા! તું જ બતાવ કે મારા આ દુ:ખભર્યા જીવનમાં હું શેના માટે રડું અને શું યાદ કરીને હસુ? અંતે મનને મજબુત કરી તેણે કહી જ દીધું, દીકરા! જે ગણિકા પાસે તે રંગ-રાગના ખેલ ખેલ્યા હતા તે અભાગી નારી બીજી કોઇ નહિ પણ તારી જનમ દેનાર માં હું જ હતી બેટા-હું જ હતી....! અને જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ કેશવને મૂર્છા આવી ગઈ... અને પડતાં પુત્રને પોતાનાં પાલવમાં પોઢાડી કામલત્તા તેને ભેટી મન મૂકીને રડી પડી!

મૂર્છા વળ્યા પછી મા-દિકરો બન્ને પોતાના પાપોનો પસ્તાવો કરતા હતા ત્યાં જ તે બન્નેના ભાગ્યોદયથી એક પરમ ઉપકારી, પંચમહાવ્રતધારી, જ્ઞાની 'ગુરૂદેવ' વિચરતાં વિચરતાં તે જ મંદિર પાસે આવ્યા! જૈન શાસનનાં જ્યોતિર્ધર સમા એ જ્ઞાની ભગવંતની આંખોમાં રમતી કરુણા, વિશાળ લલાટ પર શોભતું બ્રહ્મચર્યનું તેજ, મુખ પર દેખા દેતું સંયમ અને સરસ્વતીનું મિલન, તેઓ-શ્રીના પગલે-પગલે છતી થઈ સાદાઇ, સદાચારવૃત્તિ, મૈત્રીભાવના અને ધર્મ પરાયણતાએ બન્નેનાં દિલ ડોલાવી દીધાં તેમનો અંતર-આત્મા બોલી ઉઠયો કે,

'આ આવ્યો રે, આવ્યો રે,
અમ દુ:ખડાંનો હરનારો.......!
અમ અંતરચક્ષુ ઉઘાડનારો........!'

પ્રભુ 'મહાવીરની' અહિંસા, અપરિગ્રહ અને સ્યાદ્‌વાદની રત્નત્રયીને સિંચનાર આ શાસનસમ્રાટના ચરણોમાં માથુ ઝુકાવી બન્ને બે હાથ જોડી ગદ્‌ગ-દીત કંઠે બોલી ઉઠયા, કે હે, મહાત્મન! હે સંત પુરૂષ અમારો ઉદ્ધાર કરો! અમને રસ્તો બતાવો.! અમારો હાથ ઝાલો વિભુ, અમને સત્યનું દર્શન કરાવો! આ જીવનમાં અમે ઘણાં પાપો કર્યા છે. આ પાપમાંથી અને મુક્તિ અપાવો દેવ! અમને માર્ગ બતાવો,!

કંઈ કેટલાય પંથ ભૂલાલાં પથિકોને સાચો જીવનપંથ દેખાડનારાં એ પરમપુરૂષે, ભવિજીવ સમજી બન્નેને બોધ આપતાં કહ્યુ. "હે, ભાવિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવો ! જગતમાં તમે જે ઝેરના કટોરાં જીરવ્યા છે. તેને માટે કોઇને ય દોષિત ન માનશો. કારણ કે આપણાં જીવનમાં આવતાં દુઃખો આપણાં કરેલાં કર્મોનુ જ પરિણામ છે. " જે કર્મે 'ઇલાચીકુમારને' નટ બની નચાવ્યો, 'સ્થુલિભદ્રજીને' ગણિકા 'રૂપ-કોપોનાં' સૌન્દર્યમાં ફસાવ્યો, સતી 'કલાવતીજીના' કાંડા કપાવ્યા, અરે ! ભગવાન જેવાં ભગવાન 'મહાવીરનાં' કાનમાં પણ ખીલા ઠોકાવ્યા તો પછી તે કર્મરાજા સામે આપણું તે શું વિસાતમાં....? માટે ભૂતકાળને ભૂલી, ભવિષ્યને સુધારવા તમારાં વર્તમાનને સંયમનાં રંગોથી સજાવી લ્યો. જૈન ધર્મને સ્વીકારી લ્યો. પ્રભુ 'મહાવીરનાં' સિધ્ધાંતોને અપનાવી લ્યો. !

મુનિરાજનાં વચનો બન્નેનાં મર્મસ્થાને સ્પર્શી ગયાં. તેઓનો આતમ જાગી ઊઠયો. બન્નેએ તે જ દિવસે ગુરૂદેવની પાસે ભાગવતી દીક્ષા લીધી. મન, વચન અને કાયાના ત્રિવેણી સંગમે, પોતે કરેલા પાપોની આલોચના કરવા ઉત્કૃષ્ટ ત્યાગ, તપ અને સંયમ દ્વારા બન્નેએ કેવલરત્ન પ્રાપ્ત કર્યું ! અનેક જીવોને બોધ પમાડી જગતમાં જૈન શાસનની જયતિ ગજવી !

ધન્ય છે એવા આત્માઓને, કે જેણે આ જૈન ધર્મના સિદ્ધાંતોને જાણ્યા, માણ્યા અને જીવનમાં અપનાવી બતાવ્યા ! નમન છે એવા ભવ્યાત્માઓને, કે જેણે જૈન શાસનની આ અમર જ્યોતમા પોતાની શ્રદ્ધા, સમકિત અને જ્ઞાનનાં દિવેલ પૂરી, આ દીપકને યુગો સુધી ઝળહળતો રાખ્યો !

# પ્રભુને। જન્મોત્સવ ઉજવાય.... હૈયું પ્રેમ થકી છલકાય....

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ૨૫૮૭મી જન્મજયંતિની ભારતભરમાં શ્વેતામ્બર, દિગમ્બર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે દ્વારા થયેલી રંગદર્શી ઉજવણી. ભારતભરના મુખ્ય બજારો તેમજ કતલખાના તથા માંસની દુકાનો પણ બંધ!

આ પ્રસંગે ભારતના પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીએ ભગવાન મહાવીર વનસ્થળીનું ઉદ્દઘાટન કરતા જણાવ્યું હતું કે ભારતના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને બૌદ્ધિક ક્ષેત્રે જૈન સમાજનું યોગદાન સરાહનીય છે. ........ મહાવીરના વિચારો અઢી હજાર વર્ષ પહેલાનાં હતાં છતાંય આજે પણ તે એટલા જ મહત્ત્વના છે. અને તેથી જ ગાંધીજી, પંડિત જવાહરલાલ નહેરૂ અને ઇન્દિરાજીએ પોતાની નીતિ ઘડતી વખતે આ વિચારોને નજર સમક્ષ રાખ્યા હતાં. નૈતિક મૂલ્યોને બચાવવા હશે તો ભગવાન મહાવીરના સિદ્ધાંતો નજર સમક્ષ રાખવા પડશે.

ભગવાન મહાવીર મેમોરીઅલ સમિતિના અધ્યક્ષ સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈને પ્રધાનમંત્રીશ્રીને મૂર્તિ ભેટ આપી વનસ્થળીની જમીન આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. સ્વાગત અધ્યક્ષ સાહૂ અશોકકુમાર જૈને વનસ્થળીનુ મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે તે માત્ર ઉદ્યાન નથી પણ ભારતનું સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્ર બની રહેશે.

આ ઉપરાંત શ્રી એમ. સી. શાહ, શ્રી દીપચંદભાઇ ગાર્ડી; ડૉ. એલ. એમ. સિંઘવી, દિગમ્બર આચાર્યશ્રી વિદ્યાનંદ મુનિ, તેરાપંથી આચાર્યશ્રી તુલસી, શ્વેતામ્બર આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્ન સૂરિજી મહારાજ, સ્થાનકવાસી આચાર્ય સમ્રાટ આનંદઋષિજી વગેરેએ શ્રી મહાવીર વનસ્થળીનો સમારોહ સમગ્ર જૈન સમાજની એકતાનું પ્રતિક બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

દિલ્હી જૈન સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળેલ, તેમાં જૈન-જૈનેતરો તથા સ્કુલના બાળકોએ ભાગ લીધેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુંબઈમાં પ્રેરણાદાયી શોભાયાત્રા

**ભગવાન મહાવીરના સંદેશની પ્રતિતી કરાવતી આ ઘટના બની છે મુંબઈમાં ચારે ફીરકા દ્વારા.**

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર સમિતિ, તેરાપંથી સભા, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ વગેરે દ્વારા મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત પ્રધાનો અને જૈન અગ્રણીઓરા દ્વારા એક સૂર વહી રહ્યો હતો– કર્મ આપણાં જીવનનો પ્રાણ છે. આજના વાતાવરણમાં ભગવાન મહાવીરની અહિંસા જ આપણા જીવનને બચાવી શકે તેમ છે.

# અમદાવાદમાં અનોખી ભાત પાડતી ઉજવણી

પાલડી ચાર રસ્તા પાસેના મહાવીર જૈન વિદ્યાલય ખાતેથી નીકળેલી વિશાળ શોભાયાત્રા પ્રસંગે રાજ્યના પ્રધાનો, જૈન અગ્રણી શ્રી શ્રેયાંસભાઈ શાહ વગેરે હાજર રહ્યા હતાં.

જૈન આચાર્ય ભગવંત શ્રીમદ્ ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબે સાધર્મિક કુટુંબોને મકાન માટે આર્થિક સહાયની પ્રશંસા કરી હતી. નવસો આવાસોની યોજના જાહેર કરી હતી.

આંબાવાડી જૈન સંઘને આંગણે થયેલ સિદ્ધિતપ પ્રસંગે પૂ૦ અનંતચંદ્ર મુનિરાજશ્રીના શુભ પ્રેરણાથી હેમચન્દ્રાચાર્યની નવમી જન્મ શતાબ્દી નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈ સંપાદિત વિશિષ્ટ ગ્રંથ "હેમસ્મૃતિ" નું વિમોચન રાજ્યપાલશ્રીએ કર્યું હતું.

# ભાવનગરમાં ભવ્ય ઉજવણી

ભારત જૈન મહામંડળ (ભાવનગર શાખા) તથા જૈન સોશ્યલ ગ્રુપ તેમજ જૈન સંઘોના ઉપક્રમે મહાવીર પ્રભુની ૨૫૮૭મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે શોભાયાત્રાનું આયોજન થયું હતું. તેને અનુલક્ષીને ૨૫૮૭ દીપકનું સુંદર આયોજન કરાયુ હતુ.

## વિવિધ લેખકો–વકતાઓ દ્વારા ભગવાન મહાવીરના ગુણાનુવાદનું સંકલન

* આસક્તિ છોડી નિર્લેપ બનીએ—સુરેન્દ્રનારાયણ દફતુઆર
* પ્રયોગવીર મહાવીરની પરંપરા આચરીએ—કાકા કાલેલકર
* દલિત શોષિત જનજીવનના ઉદ્ધારક—ડૉ. નરેન્દ્ર ભાનાવત
* વૈચારિક અહિંસાના વાહક—ડૉ. પ્રેમસુમન જૈન
* સો ટચના સોના જેવી આત્મનિર્ભરતા—શ્રી દલસુખભાઈ માલવણીયા
* ઉત્કટ યથાર્થવાદી - ભગવાન મહાવીર—મુનિશ્રી નથમલજી
* મંદિરમાં કે ધંધામાં - ધર્મ એક જ રીતે વર્તે—શ્રી માણેકચંદ કટારીયા
* સ્વનિયમના આચરનાર - ભગવાન મહાવીર—શ્રી રતિલાલ ચી. શાહ

સંકલનકાર : પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " વિશ્વને પ્રભુ મહાવીરની મહાન ભેટ "

લેખક : શ્રી સંજય એસ. ઠાર

આજથી પ્રાયે ૨૫૮૭ વર્ષ પહેલા ક્ષત્રિય-કુંડમાં રહેતા સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાદેવીની કુક્ષિએ ચૈ. શુ. ૧૩ના દિવસે પ્રભુનો જન્મ થયો.

બસ જન્મ થતાની સાથે જ જીવ માત્રને સુખ અને આનંદનો અનુભવ થયો. દેવાધિદેવ પ્રભુ મહાવીરના આ જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી ખૂબ જ ભક્તિભાવથી આ વર્ષે ભાવનગરમાં કરવામાં આવી હતી. શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાશ્રીસંઘ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ મોહતા શેરી, શ્રી દિગમ્બર જૈન સંઘ હુમડનો ડેલો, શ્રી સ્થાનકવાસી જૈન સોસાયટી કૃષ્ણનગર, ભારત જૈન મહામંડળ અને જૈન સોશ્યલગ્રુપના સંયુક્ત સહિયારા પુરૂષાર્થની ચાલૂ વર્ષે પણ પ્રભુ મહાવીરના " ક્ષમા વિરસ્ય ભૂષણમ " અને " અહિંસા પરમો ધર્મ " ના સિદ્ધાંતને જગતમાં દોહરાવ્યો હતો.

સવારના ૮-૩૦ કલાકે મોતીબાગ ટાઉન-હોલથી પ્રભુ મહાવીરના જયનાદ સાથે શરૂ થયેલી આ ભવ્ય રથયાત્રા શહેરના રાજમાર્ગો પરથી પસાર થઈને દાદા સાહેબ પટાંગણમાં આ રથયાત્રા ઉતારવામાં આવી હતી. રથયાત્રામાં સૌ પ્રથમ ઈન્દ્ર-ધજા, ત્યારબાદ જુદા જુદા શ્રીસંઘોના બાલક-બાલિકાઓ, પૂ૦ સાધ્વીજી મહારાજો, પૂ૦ ગુરુ ભગવંતો સાજન મહાજન અને બહેનો વિશાળ સંખ્યામાં જોડાયા હતાં.

ત્યારબાદ દાદા સાહેબ પટાંગણમાં પૂ૦ ગુરુ ભગવંતના મૂખેથી દેશના સાંભળવા વિશાળપ્રમાણમાં આબાલ-વૃદ્ધો તથા ભાઈ-બહેનો શાંત ચિત્તે ગોઠવાઈ ગયા હતાં. જુદા જુદા વક્તાઓ સર્વશ્રી ડો ભરતભાઈ ભીમાણી, પ્રો. જયેન્દ્રભાઈ ત્રીવેદી, શેઠશ્રી સૂર્યકાન્તભાઈ આર. શાહ વગેરેએ પ્રભુ મહાવીરના દિવ્ય સંદેશને અનુસરવા અને તેનો ફેલાવો કરવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. આ સમયે શ્રી ભાવનગર જૈન શ્વે. પૂ૦ તપા-સંઘના માનદ મંત્રીશ્રી જયંતિલાલ મગનલાલ શાહે પણ પોતાની નાદુરસ્ત તબીયત હોવા છતાં પણ પ્રભુ મહાવીરનો અમર સંદેશ " જગતના જીવ માત્રનું કલ્યાણ ઈચ્છવું " અને દર વર્ષે આ રીતે જન્મ કલ્યાણ ઉજવાય તેવી ઈચ્છા દર્શાવી વક્તવ્ય પુરૂ કર્યું હતું. ત્યારબાદ જેની આતૂરતા-પૂર્વક રાહ જોવાતી હતી તેવા મહાન ત્યાગી ગુરૂ ભગવંતો સર્વશ્રી પ. પૂ૦ આ. ભ. વિજયપ્રોયંકર સૂરીશ્વરજી મ૦સા૦, પ. પૂ૦ પં. શ્રી હિંકાર-ચંદ્રવિજયજી ગણિ, પ. પૂ૦ગણિ શ્રી ચન્દ્રકીર્તિ-વિજયજી મ૦સા૦, પ.પૂ૦ મુનિશ્રી ભાસ્કર, મુનિશ્રી આદિ મુનિ ભગવંતોના જોરદાર પ્રવચનો થયા.

જેમાં પૂ૦ પં. શ્રી હિંકારચન્દ્રવિજયજીએ મહાવીર તીર્થંકર કઈ રીતે બન્યા ? તો કે પૂર્વેના ત્રીજા ભવે નંદન મુનિના ભવે " સવિ જીવ કરૂં શાસન રસી " સંદેશ દ્વારા પોતાના આત્માના આ સંદેશથી અને પ્રભાવથી પોતે તીર્થંકર બન્યાં. પ્રભુનું પૂણ્ય પણ જોરદાર હતું. જન્મતાની સાથે જ દરેક જીવને સુખનો અનુભવ થયો. જ્યાં જાય ત્યાં રોગ, તાપ, કષ્ટો દૂર થાય. પ્રભુની સંયમ-સાધના પણ કેટલી કઠોર. પેલા સંગમદેવે છ-છ મહિના સુધી ઘોર ઉપસર્ગો કર્યા છતાં પણ પ્રભુની આંખમાં ન આંસૂ કે નહિં શિથીલતા, જ્યારે થાકીને સંગમ પાછા જાય છે ત્યારે ભગવાનની આંખમાં આંસૂ આવ્યા કે અરે રે બિચારો આ જીવ પોતાનો ભવ હારી જશે !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી અપાર કરૂણા પ્રભુ મહાવીરના હૃદયમાં હતી, પૂ. મુનીશ્રી ગણિ. ચન્દ્રકીર્તિવિજયજી મ. સા. પણ પોતાની સુંદર શૈલીમાં કહ્યું કે જગતમાં ત્રણ પ્રકારના જીવો હોય છે. (૧) ભૂલ કરે પરંતુ તેનો સ્વીકાર ન કરે. (૨) ભૂલ કરે પણ તેનો સ્વીકાર કરી લે (૩) ભૂલોજ ન કરે. ત્યારે ગુરૂભગવંતે કહ્યું કે પ્રભુ મહાવીર આ ત્રીજા પ્રકારના જીવ હતા. જેઓ કદાવી ભૂલો જ ન કરે.

પૂ. મુનિ શ્રી ભાસ્કર મુનીએ પણ પરમાત્મા મહાવીર દેવની આ રીતે થતી ભવ્યાતી ભવ્ય ઉજવણી હર સાલ થાય અને જૈન સંઘમાં કાયમ એકતા ટકી રહે તથા મહાવીરનો દિવ્ય સંદેશ જગતભરમાં ફેલાય તે માટે સુંદર પ્રવચન આપેલ.

પ્રવચન સમયે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મનુભાઇ શેઠે કરેલ. આ જ દિવસે રાત્રીના ૮ કલાકે દાદાસાહેબ પટ્ટાંગણમાં પ્રભુ મહાવીર ૨૫૮૭ દિવાની આરતીનો પ્રસંગ ગોઠવવામાં આવેલ હતો. તથા આ જ દિવસ વ્હેલી સવારે ૬-૩૦ કલાકે વાજતે ગાજતે શ્રી વૃદ્ધિચંદ્રજી પાઠશાળા તથા ઉજમબાઈ પાઠશાળાના ૩૦૦ ઉપરાંત બાલક-બાલિકાઓએ સફેદ કપડામાં સજ્જ થઈ પ્રભુ મહાવીરનો ઉપદેશ જયજયકાર કરતાં ગલીઓમાં પ્રભાતફેરીના રૂપમાં નીકળ્યાં હતા. તો ચાલો આપણે સહુ આજથી જ પ્રભુ મહાવીરના માર્ગ તરફ પ્રયાણ આદરીએ.

કોટી વંદન હો પ્રભુ મહાવીરને

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈ અંધેરી અને પૂના તેમજ ગુજરાત રાજ્યમાં અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહો છે. તેમાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજીપત્રકો આપવાનું ચાલુ છે. દરેક વિદ્યાર્થીગૃહ માટે અલગ અરજીપત્રક ભરવું આવશ્યક છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીએ વિદ્યાર્થીગૃહમાં પાળવાના નિયમો અને ધારાધોરણ સાથેના અરજીપત્રકની કિંમત રૂા. ૨/ + ટપાલ ખર્ચ રૂા ૦-૫૦ પૈસા છે ટ્રસ્ટ દ્વારા ભલામણ કરનારની સરનામા સહિત અલગ નામાવલિની કિંમત રૂા. ૨-૦૦ + ટપાલ ખર્ચ રૂા. ૦-૫૦ પૈસા છે.

જે શાખા વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવાનો હોય તેના સ્પષ્ટ નિર્દેશ સાથે ઉપરોક્ત સરનામે જરૂરી ટપાલ ટિકિટ (પોસ્ટલ ઓર્ડર મોકલવા નહીં) મોકલી નિયત અરજીપત્રક મંગાવી લેવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક અખબાર જોગી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સંસ્થાના તમામ વિદ્યાર્થીગૃહો માટેના અરજીપત્રકો મોડામાં મોડા તા. ૨૫-૨-૧૯૮૯ સુધીમાં ઉપરોક્ત સરનામે (શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬) પહોંચતા કરવાનુ આ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

* મદ્રાસ, આગ્રા, ભરૂચ, પાલનપુર. અગાસી તીર્થ, પેણ (મહારાષ્ટ્ર), થલતેજ વગેરે સ્થળોએ પણ ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકની રંગદર્શી ઉજવણી થયેલ

* બિહારમાં ક્ષત્રિયકુન્ડ તથા પાવાપુરીમાં વિશીષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વૈશાલીમાં શ્રી રાજીવ ગાંધી પણ હાજર રહ્યાં હતાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિવ્ય સંદેશ–પ્રભુ મહાવીરનો

લે. : શ્રીમદ્ રાજચંદ્ર                                         પ્રેષક : સત્‌ચિદાનંદ

ઉંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્યલક્ષ્મી અને મહાપ્રતાપી સ્વજન પરિવારને સમૂહ છતાં તેની મોહિનીને ઉતારી દઇ જ્ઞાનદર્શન યોગપરાયણ થઈ ભગવાન મહાવીરે જે અદ્‌ભુતતા દર્શાવી છે તે અનુપમ છે.

એનું એજ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર ‘ઉત્તરાધ્યયનસૂત્ર’માં આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે તત્ત્વાભિલાષીનાં મુખકમળથી મહાવીર કહેવરાવે છે કે :–

“અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારના દુઃખ છે, હું એવી શું કરણી કરું કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જાઉં ?” એ ગાથામાં એ ભાવથી પ્રશ્ન થતાં કપિલમુનિ પછી આગળ ઉપદેશ ચલાવે છે :–

‘અધુવે અસાસમંમિ’ – આ મહદ્ તત્ત્વજ્ઞાન પ્રસાદીભૂત વચનો પ્રવૃત્તિયુક્ત યોગીશ્વરના સતત વૈરાગ્યવેગનાં છે. અંત બુદ્ધિશાળીને સંસાર પણ ઉત્તમરૂપે માન્ય રાખે છે છતાં, તે બુદ્ધિશાળીએ તેનો ત્યાગ કરે છે, એ તત્ત્વજ્ઞાનનો સ્તુતિમાત્ર ચમત્કાર છે. એ અતિ મેધાવીઓ અંત પુરુષાર્થની સ્ફુરણા કરી મહાયોગ સાધી આત્માના તિમિરપટને ટાળે છે. સંસારને શોકાબ્ધિ કહેવામાં તત્ત્વજ્ઞાનીઓની ભ્રમણા નથી, પરંતુ એ સઘળા તત્ત્વજ્ઞાનીઓ કંઇ તત્ત્વજ્ઞાન ચંદ્રની સોળે કળાઓથી પૂર્ણ હોતા નથી. આ જ કારણથી સર્વજ્ઞ મહાવીરનાં વચન તત્ત્વજ્ઞાનને માટે જે પ્રમાણ આપે છે તે મહદ્‌ભૂત, સર્વમાન્ય અને કેવળ મંગળમય છે. મહાવીરની તુલ્ય ઋષભદેવ જેવા જે જે સર્વજ્ઞ તીર્થંકરો થયા છે. તેમણે નિસ્પૃહતાથી ઉપદેશ આપીને જગત હિતૈષિણી પદવી પ્રાપ્ત કરી છે.

સંસારમાં એકાંત અને જે અનંત ભરપુર તાપ છે તે તાપ ત્રણ પ્રકારના છે. આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી મુક્ત થવા માટે પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓ કહેતા આવ્યા છે. સંસારત્યાગ, શમ, દમ, દયા, શાંતિ, ક્ષમા, ધૃતિ, અપ્રભુત્વ, ગુરુજનનો વિનય વિવેક, નિસ્પૃહતા, બ્રહ્મચર્ય, સમ્યક્‌ત્વ અને જ્ઞાન એનુ સેવન કરવું; ક્રોધ, લોભ, માન, માયા, અનુરાગ, અણુરાગ, વિષય, હિંસા, શોક, અજ્ઞાન, મિથ્યાત્વ એ સઘળાંનો ત્યાગ કરવો. આમ સર્વ દર્શનોનો સામાન્ય સાર છે. નીચેનાં બે ચરણમાં એ સાર સમાવેશ પામી જાય છે.

વર્ધમાન સ્વામીએ ગૃહવાસમાં પણ સર્વ વ્યવસાય અસાર છે. કર્તવ્યરૂપ નથી. એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી, તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને




For Private And Personal Use Only

અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસા રૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

જે વર્ધમાન સ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસાર થવું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યાં, તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારને ફરી ફરી તે ચર્ચા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી, વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવાની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુ પદને વિષે થઈ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી, કારણ કે બે ય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવા યોગ્ય નથી

'પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર' ખરે! એ ઉપદેશ સ્તુતિપાત્ર છે. એ ઉપદેશ આપવામાં કોઈએ કોઈ પ્રકારની અને કોઈએ કોઈ પ્રકારની વિચક્ષણતા દર્શાવી છે, એ સઘળા ઉદ્દેશે તો સમતુલ્ય દૃશ્ય થાય તેવું છે. પરંતુ સૂક્ષ્મ ઉપદેશક તરીકે શ્રમણ ભગવંત તે સિદ્ધાર્થ રાજાના પુત્ર પ્રથમ પદવીનો ધણી થઈ પડે છે. નિવૃત્તિને માટે જે જે વિષયો પૂર્વે જણાવ્યા તે તે વિષયોનું ખરું સ્વરૂપ સમજીને સર્વાંશે મંગળરૂપે બોધવામાં એ રાજપુત્ર મહાવીર વધી ગયા છે. એ માટે એને અનંત ધન્યવાદ છાજે છે

* વડોદરામાં પ્રેરક ઉજવણી :– પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં કચ્છી અચલગચ્છ જૈન સંઘ તથા શ્રી પ્રેમ ફાઉન્ડેશન દ્વારા વડોદરા સેન્ટ્રલ જેલમાં ભગવાન મહાવીરની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વ દૃષ્ટિ

લે. : પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી

ષડ્જીવનિકાયનો અબોધ અને નિશ્ચય-વ્યવહારનુ અજ્ઞાન, આ બે દોષ દયાને લૌકિક બનાવે છે, લોકોત્તર દયામાં ષડ્જીવનિકાય અને નિશ્ચય વ્યવહારનું જ્ઞાન રહેલું હોય છે.

એ રીતે શ્રી નવકારમંત્રને પણ લોકોતર બનાવનાર શ્રી પંચ પરમેષ્ઠીઓ સંબંધી યથાર્થ જ્ઞાન અને નિશ્ચય-વ્યવહાર સંબંધી યથાર્થ બોધ છે. એ બેમાંથી એકનું પણ અજ્ઞાન નમસ્કારને લૌકિક નમસ્કાર છે.

એ જ્ઞાન કદાચ પોતાને ન હોય પણ મંત્ર પ્રદાતા ગુરૂને હોય તો હજી ચાલે. બેમાંથી એકેયને ન હોય, તો ન ચાલે.

લૌકિક દયા અને લૌકિક નમસ્કાર, અલૌકિક જીવનના ધ્યેયની પ્રાપ્તિમાં અપૂરતાં નીવડે છે.

લૌકિક દયા મુખ્યત્વે દ્રવ્ય દયારૂપ હોય છે. તેના વિષય તરીકે સમગ્ર જીવ જાતિ નથી હોતી, સમગ્ર જીવજાતિ પ્રત્યે દરેક ભાવ યાને સ્નેહભાવ ષડ્જીવનિકાયના યથાર્થ બોધથી પ્રગટે છે !

નિશ્ચય અને વ્યવહાર એ બે નય છે, દૃષ્ટિકોણ છે, આગળ અને પાછળ રથ એ દૃષ્ટિકોણ અપનાવવાથી-અર્થાત્-

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી,
પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે,
ભવ સમુદ્રનો પાર.

તેમાં તારનાર આ દૃષ્ટિના દાતા શ્રી અરિહંતાદિ છે એવી દૃઢ સમજ રહેવી જોઈએ. કારણકે આવી દૃષ્ટિના સ્વામી શ્રી અરિહંત જ છે.

આ દૃષ્ટિને વિશ્વદૃષ્ટિ પણ કહે છે. પરને સ્વાત્મિક ભાવ આપવાનું દૈવત પ્રગટવું તે આ દૃષ્ટિની દેન છે.

જીવમાં શિવનું દર્શન આ દૃષ્ટિ કરાવે છે. તેથી તેને જિનદૃષ્ટિ પણ કહે છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારનો સાર પણ એ જ છે કે જીવમાત્રનો હાર્દિક સત્કાર કરો. આ સત્કાર એ એક એવું મહાન સત્કાર્ય છે કે, જેના પ્રભાવે જીવ, શિવપદનો અધીકારી બને છે. આ સત્કાર્ય તે ભાવ નમસ્કાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્નેહ પરિણામ

લે : પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી

માયા. મિથ્યાત્વ અને નિયાણ એ ત્રણે શલ્યોનો નાશ, એક સ્નેહ પરિણામથી સાધ્ય છે.

જ્યાં સ્નેહ, ત્યાં માયાવૃત્તિ કે લોભવૃત્તિ રહેતી નથી. અને જ્યાં સ્નેહ, ત્યાં બીજાઓને આત્મસમ ન ગણવાની મિથ્યાવૃત્તિ પણ નથી.

આ ત્રણેવૃત્તિ મોક્ષમાર્ગમાં શલ્ય તુલ્ય છે.

સકળ સત્વ પ્રત્યે સ્નેહનો પરિણામ પરમેષ્ટી કૃપા લભ્ય છે. કૃપા અહેતુકી છે. તેમ ભક્તિ પણ નિષ્કામ જોઇએ.

સ્નેહમાં લેવાની વૃત્તિ હોતી નથી, આપવાની જ હોય છે એ જ નિષ્કામતા છે. નિયાણ બંધના નિષેધનું પાલન સ્નેહ પરિણામના અસ્તિત્વ વડે જ શક્ય છે. સ્નેહ પરિણામ નિષ્કામ ભક્તિથી જ શક્ય છે. નિષ્કામ ભક્તિ, નિષ્કામ કરૂણાના વિચારથી જ જાગે અને નિષ્કામ કરૂણા આત્મતત્વના સંવેદનથી જ જાગે છે.

તે સંવેદન મૈત્ર્યાદિ ભાવ સ્વરૂપ છે. પ્રથમ જીવતત્વનું આલોકન, પછી ઉપલંભ અને છેલ્લે સંવેદન છે.

આલોકન સામાન્ય સ્વરૂપનું, ઉપલંભ વિશેષ સ્વરૂપનો અને ઉપલંભની તીવ્રતા વડે આચરણ થાય છે.

આલોકન એટલે દર્શન. ઉપલંભ એટલે જ્ઞાન અને સંવેદન એટલે ચારિત્ર.

દર્શન એટલે નિષ્કામ ભક્તિ
જ્ઞાન એટલે નિષ્કામ કરૂણા.
ચારિત્ર એટલે નિષ્કામ કર્મ.

આ રીતે રત્નત્રયીનો સમુચ્ચય છે.

દેવાધિદેવ પાસે રત્નત્રયીની માગણી કરતી વખતે આ રીતનું તેનું જે સ્વરૂપ છે, તો તે માગણી તરત જ સંતોષાય છે. કારણ કે આ માગણીના મૂળમાં શુદ્ધ સ્નેહ છે.

આવા સ્નેહ પરિણામ વડે જ ત્રણે રત્નોનું યથાર્થ જતન થાય છે. અને મોહ-મિથ્યાત્વાદિ શલ્યનું નિકંદન નીકળી જાય છે. માટે આરાધકે આ સ્નેહ પરિણામ પૂર્ણ જીવનની આરાધનાને લક્ષ્ય બનાવવાની અતિ આવશ્યકતાને પોતાના જીવનમાં પ્રધાન સ્થાન આપવું જોઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન ટાઇટલ પેજ ૪નું ચાલુ)

'આપ મારી સાથે ચાલો' એમ કહી સાંજના ભોજન વખતે પ્લેટમાં છાંડેલું અન્ન બતાવ્યું.

જાપાની ગૃહિણીને બધી વાત સમજાઇ ગઈ. તેણે કામવાળીને બધું સમજાવી કહ્યું, "બહેન, આજે અમારી સાથે જમવામાં એક ભારતીય મહેમાન હતા એમને આપણા કડક નિયમ અને શિસ્તની બિલકુલ ખબર નથી આ અપરાધ તેમનાથી અજાણતા થઇ છે, તો તમે તેમને દરગુજર કરો."

સાચી પરિસ્થિતિની જાણ થતા પેલી કામવાળીએ આપેલી 'મૌખિક' નોટિસ પાછી ખેંચી લીધી.

ભારતીય વેપારીને બીજા જાપાની મિત્ર દ્વારા ખબર પડી ત્યારે તેમણે ખૂબ જ ભોંઠપ અનુભવી.

પોતાના જાપાની યજમાનને ક્ષમાપત્ર લખતા એ શેઠે બહુજ ભારપૂર્વક જણાવ્યું, "ભાઈ, જે દેશમાં એક સામાન્ય નોકરડીના મનમાં રાષ્ટ્રીય દુર્વ્યય માટે આટલી બધી ઊંડી વ્યથા ભરેલી હોય એ દેશ ખરેખર મહાન છે. મારા એ અપરાધ બદલ ક્ષમા માગુ છું. જમ્યા પછી ભોજન છાંડવાની આવી કુટેવ મેં સદંતર ત્યજી દીધી છે!

જનકલ્યાણમાંથી
જાન્યુઆરી-૧૯૮૯

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિ શ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામા આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે, કિંમત રૂા. ૭-૦૦ છે.

વધુ વિગત માટે લખો :-

શ્રી જૈન આત્માનંદ-સભા ખારગેઈટ, ભાવનગર-૩૬૦૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd, No. G, BV. 31

## રાષ્ટ્રહિતની ખેવના

"મહાશય, આવતી કાલે આપ અમારી સાથે આવી ભોજન લેશો તો હું તેમજ મારો પરિવાર અત્યંત આનંદ અનુભવીશું." જાપાનનાં એ વેપારીએ ભારતથી વેપાર અર્થે જાપાન આવેલા પોતાના વેપારી મિત્રને નોતરું આપ્યું.

"હા, હા, જમવા તો જરૂર આવીશ, પણ આપ જાણો છો કે હું તો ચુસ્ત શાકાહારી છું."

"અમે સૌ પણ આપની સાથે શાકાહારી ભોજનની લિજ્જત માણીશું."

ભોજનનો કાર્યક્રમ સાંજના રાખવામાં આવ્યો હતો. ભારતીય વેપારી જાપાની મિત્રના પરિવાર પરિચિત હતા. એમને ઘેર બે ત્રણવાર આવી ચૂકયા હતા. જાપાનના પ્રવાસેથી જ્યારે જ્યારે એ ભારત પાછા ફરતા ત્યારે જાપાનના ઘરોની સુઘડતા, સ્વચ્છતાની, કલાત્મક સમજાવટની પ્રશંસા કરતા થાકતાજ નહિ.

જાપાની ઢબથી બનાવેલ સ્વાદિષ્ટ વાનગીઓ શેઠને બહુજ ભાવી. પણ શેઠને પોતાને પડી ગયેલી ભારતીય કુટેવ મુજબ ભોજન સમાપ્ત થયે એઠું છાંડી ઊભા થયા.

થોડીક ઔપચારિક વાતો કરી શેઠ તો ત્યાંથી વિદાય થયા. જાપાની પરિવાર અગત્યના બીજા કામમાં પડી ગયો. શેઠે પ્લેટમાં છાંડેલી ભોજન સામગ્રીનો ખ્યાલ પરિવારમાંથી કોઈને ન રહ્યો.

રાત્રે ઘરકામ કરતી બાઈએ જાપાની વેપારીની પત્ની પાસે આવી મૌખિક નોટિસ આપતા કહ્યું, "બાઈસાહેબ, આવતી કાલથી આપ બીજી કામવાળી શોધી લેજો. મારાથી હવે આ ઘરમાં કામ નહિ થઇ શકે."

"પણ એનું કારણ તો કહીશ ને? પગાર ઓછો પડે છે?"

"બાઇ સાહેબ, જે ઘરમાં દેશનું અનાજ આ પ્રમાણે વેડફાતું હોય એ ઘરમાં નોકરી કરૂં તો મેં રાષ્ટ્રદ્રોહમાં સહકાર આપ્યો કહેવાય."

"તને કોણે કહ્યું કે આ ઘરમાં અનાજનો બગાડ થઈ રહ્યો છે?"

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર)

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only